## વિષય : માધ્યમિક શાળાઓમાં વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા

અંક : સનવ–૧૪–ઘ, શિક્ષણ નિયામકની કચેરી,
ગુજરાત રાજય,અમદાવાદ તા. ૯–૧૦–૧૯૭૦

પ્રતિ,
શ્રી શિક્ષણાધિકારીશ્રી : સર્વે

આથી આપનું ધ્યાન આ કચેરીના પત્ર ક્રમાંક પત્ર ઠરાવ તા.૩૧–૮–૧૯૭૦ તરફ દોરવામાં આવે છે. ઉપરોકત પત્ર અત્યંત સ્પષ્ટ છે. તેમાં જણાવવામાં આવેલ છે કે, કોઈપણ શાળામાં ઓછામાં ઓછા બે વર્ગ હોય જેમાં ૩૦ તથા ૨૫ એમ અનુક્રમે વર્ગની સંખ્યા હોય તો આ બંને વર્ગો ચાલુ રાખવા જોઈએ. નહિ કે, બંને વર્ગોને ભેગા કરી એક વર્ગ બનાવવામાં આવે, અને વધારાના શિક્ષકોને છૂટા કરવામાં આવે.

અત્રેથી આપવામાં આવેલ આદેશ મુજબ પ્રત્યેક વર્ગની સંખ્યા ૫૦ ની હોઈ શકે, અને વધારાની પાંચની સંખ્યા જિલ્લા શિક્ષણાધિકારીથી આપી શકે, તેનું અર્થઘટન એ છે કે ભવિષ્યમાં જે વર્ગો નવા થાય તેમાં ૫૦ સુધી વિદ્યાર્થી સંખ્યા લઈ જવાય. એનો અર્થ એ નહિ કે જયાં આવા વર્ગો : ઓછી સંખ્યાવાળા હાલ હોય તો તેમને ભેગા કરીને (૫૫) ની સંખ્યાને પૂરી કરવી.

ઉપરનો સ્પષ્ટ આદેશ હોવા છતાં એમ જાણવા મળેલ છે કે, કેટલાક જિ. શિક્ષણાધિકારી એ પોતાના જિલ્લામાં માધ્યમિક શાળાઓને એવો આદેશ આપ્યો છે કે તેમાં જે વર્ગોમાં ઓછી હોય તે બંને ને ભેગા કરી (૫૫) ની મર્યાદા સુધી લઈ જવો. અને આમ વર્ગો ઓછા કરી શિક્ષકો ઘટાડવા. સરકારશ્રીનો આ આશય નથી. અને તેથી આ પરિપત્ર ધ્વારા આપને વિનંતી કે, આવો પરિપત્ર આપે બહાર પાડયો હોય તો તે તાત્કાલિક પાછો ખેંચી લેવો અને તેબાબતની અત્રે તાત્કાલિક જાણ કરવી. તેમજ ખરેખર જે પરિસ્થિતિ છે અને ખરેખર જે સ્પષ્ટ આદેશ છે તેનો અમલ બધી શાળાઓમાં થાય એમ કરવું. મતલબ કે, ફરીથી બધી શાળાઓને પરિપત્ર કરી જણાવવાનુ કે, ચાલુ વર્ગોની ઓછી સંખ્યાને ધ્યાનમાં લઈ તેને ભેગા કરવાની આવશ્યકતા નથી.

(સહી) ઈન્દ્ર વસાવડા
શિક્ષક નિયામક, ગુજરાત રાજય